Publication: Divya Bhaskar I Edition: Ahmedabad
Date: January 06, 2016 I Page No: 01 I Category: DPS Bopal
CBSE: Now 80% mark of Board Paper in Std 10th and 20% will be of internal

# CBSE : હવે ધો.10માં 80 ટકા માર્ક બોર્ડ પેપરના અને 20 ટકા ઈન્ટરનલ હશે

## CBSEની ગવર્નિંગ બોડીનો સર્વે: સૌથી વધુ લોકો ઈચ્છે છે કે ધો.10માં બોર્ડ જ એક્ઝામ લે

સિટી રિપોર્ટર @ahm_cb

સીબીએસઈમાં 2018માં ધો.10ની બોર્ડ એક્ઝામ નવા ફોર્મેટમાં લેવાશે. આ અંતર્ગત સ્ટુડન્ટ્સના 80 ટકા માર્ક પેપરના અને 20 ટકા ઈન્ટરનલ એસેસમેન્ટના હશે. બોર્ડે છ વર્ષ પહેલા ધો.10માં બોર્ડ એક્ઝામ આપવી તેને વૈકલ્પિક કરી હતી. તે વખતે સતત સમગ્ર મૂલ્યાંકન (સીસીઈ) પેટર્ન લવાઈ હતી. આ વર્ષે સ્ટુડન્ટ્સ પાસે ઓપ્શન છે કે તે બોર્ડનું પેપર આપે કે હોમ એક્ઝામ, પરંતુ 2017માં ધો.10માં એન્ટર થયેલા સ્ટુડન્ટ્સ પાસે આ વિકલ્પ નહીં હોય. આનો ફાયદો એ રહેશે કે સ્ટુડન્ટ્સ ધો.10ના એજ્યુકેશનને ગંભીરતાથી લેશે. બે વર્ષમાં બોર્ડ દ્વારા ગવર્નિંગ બોડીના સભ્યોએ સીસીઈ પેટર્નને લઈને કરાવાયેલા સર્વેમાં જાણવા મળ્યું હતું કે સૌથી વધુ લોકો ઈચ્છે છે કે ધો.10માં બોર્ડ ફરીથી પરત આવે.

edu talk

આ અંગે ડીપીએસ બોપલના પ્રિન્સિપાલ સુરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, 'આ ફોર્મેટ 2018માં આવે તે માટેની પ્રક્રિયાઓ પૂર્ણ કરી દેવાઈ છે. હાલ ધો.10ના સ્ટુડન્ટ્સ પાસે સ્કૂલ કે બોર્ડ બેમાંથી કોઈ એક પસંદ કરવાનો ઓપ્શન છે પણ આ નિયમથી બોર્ડ જ એક્ઝામ લેશે. પહેલાં ધો.10ને સ્ટુડન્ટ્સ સિરિયસલી નહોતું લેતાં, તે હવે સિરિયસલી લેતાં થશે.'

### ટીચર્સ પર એસેસમેન્ટનું પ્રેશર ઓછુ થશે

સર્વેમાં જાણવા મળ્યું કે સીસીઈ અંતર્ગત ધો.10માં 2010થી સ્કુલ બેઝ એક્ઝામ લાગુ થઈ હતી. તેમાં 40 માર્કસ ફોર્મેટિવ એસેસમેન્ટ અને 60 માર્કસ સમેટિવ એસેસમેન્ટના રહેતા હતાં. પણ હવે સીઈઈને નાબૂદ કરાવાઈ રહી છે તેનાથી ટિચર્સ પર ઈન્ટરનલ એસેસમેન્ટનું પ્રેશર ઓછુ થશે. હવે જોવાનું એ રહે છે કે 20 ટકા ઈન્ટરનલ એસેસમેન્ટ બોર્ડ કઈ રીતે તૈયાર કરવાનું કહે છે.

### સ્ટુડન્ટ્સને તૈયારીના લેવલની ખબર પડશે

અત્યાર સુધી સ્ટુડન્ટસ એક્ઝામ માટે બોર્ડનો ઓપ્શન પસંદ કરે કે સ્કુલ બેઝ હોમ એક્ઝામનો તે તેમની માર્કશીટમાં ગ્રેડિંગ અને 10માંથી સીજીપીએ અપાતા હતાં. હવે બોર્ડ ઓપ્શન આવતાં ગ્રેડિંગ સિસ્ટમ કેન્સલ થઈ જશે અને ટકામાં માર્કસ મેળવવાનો ઓપ્શન પરત આવશે. તેનાથી સ્ટુડન્ટસને પોતાની તૈયારીનું લેવલ અને પરફોર્મન્સ જાણવાની તક મળશે.